WRITING WORKSHOP

# 'રિસર્ચ'ને પ્રોત્સાહન આપવા માટે કેસ રાઈટિંગ વર્કશોપનું આયોજન

ગાંધીનગરઃ EDIIના 'સેન્ટર ફોર રિસર્ચ ઈન આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ' દ્વારા રિસર્ચ એક્ટિવિટીને પ્રોત્સાહન આપવા માટે 'કેસ રાઈટિંગ વર્કશોપ' યોજાયો હતો.

'સેકન્ડ કેસ કનેક્ટ ઑન આંત્રપ્રિન્યોરશિપ' અભિયાનના ભાગરૂપે આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શૈક્ષણિક ક્ષેત્રે કેસ સ્ટડીઝની ગુણવત્તા સુધારવાનો છે. આ વર્કશોપમાં દેશભરની અંદાજે 40 વિવિધ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરતા 55 સ્કોલર્સ અને રિસર્ચર્સે ભાગ લીધો હતો, જેમની પસંદગી કુલ પ્રાપ્ત થયેલા 69 પ્રસ્તાવમાંથી કરવામાં આવી હતી.

આ વર્કશોપ દરમિયાન સહભાગીઓને કેસ રાઈટિંગના મૂળભૂત સિદ્ધાંતો, તેની અસરકારક સંરચના અને સર્વગ્રાહી ટીચિંગ નોટ્સ તૈયાર કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું હતું. શિક્ષણ પદ્ધતિને વધુ પ્રભાવશાળી બનાવવા માટે કાર્યક્રમમાં ઈન્ટરેક્ટિવ ચર્ચા, પિયર લર્નિંગ અને એક્સપર્ટ દ્વારા માર્ગદર્શન પણ અપાયુ હતું.